‘ક’ રોડથી વાવોલ-ઉવારસદ રોડ અતિ બિસ્માર હાલતમાં

‘ક’ રોડ જી.આઈ.ડી.સી. આગળથી પસાર થાય છે. જેનો એક્ષટેન્શન રોડ વાવોલથી ઉવારસદ થઈને સરખેજ - ગાંધીનગરને મળે છે. પાર વિનાના ખાડાઓ, ધૂળની ડમરી, તૂટેલાં રોડમાંથી બહાર આવેલ કપચીના પથ્થરો આ રોડ વાહન ચાલકો માટે અકસ્માતનું જોખમ વાળો બનાવે છે. ગુડા વિસ્તારમાં નવા ફલેટો, સોસાયટીઓ થતાં આ રોડ પર વાહન વ્યવહાર નોંધપાત્ર વધેલ છે. ‘ખ’ રોડના વાહન વહેવાર પ્રતિબંધનાં કારણે લોડીંગ ટ્રાન્સપોર્ટ પણ ‘ક’ રોડ પર ભારણ વધેલ છે. સરખેજ હાઈવે ‘ક’ રોડથી નજીકને ઉત્તર ગુજરાતને સાંકળતો રસ્તો હોવાથી ટ્રાફિક ખુબ જ વધી ગયેલ છે. છાશવારે થતા અકસ્માતો નિવારવા ડિવાઈડરની પણ ખાસ જરૂર છે. બિસ્માર રોડને રીપેર કરાવવાની જરૂર છે.

ચિલોડા ખાતે ખેડૂતોને લાઈસન્સ વિના જંતુનાશક દવા વેચનાર વેપારી સામે ગુનો દાખલ

નાયબ ખેતી નિયામક વિસ્તરણ ગુણવત્તા કંટ્રોલની કચેરીની ટીમે દવાનો જથ્થો સીજ કર્યો હતો

ચિલોડા, તા. ૧૦

ચિલોડા-સાદરા રોડ પર આવેલ શિવમ કોમ્પલેક્ષમાં પ્રાંતિજ ખાતેનો એક યુવાન ચિલોડા ખાતે જંતુનાશક દવા વેચવા અલ્ટો ગાડીમાં આવ્યો હતો. લાયસન્સ હોલ્ડરોને શંકા જતાં વેચાણ અંગેનું લાયસન્સ માંગતા ભંડો ફૂટ્યો હતો. જેમાં ૨૦ જેટલી જંતુનાશક દવાઓ હતી. આ અંગે સેક્ટર-૧૫માં આવેલી નાયબ ખેતીવિષયક વિસ્તરણ ક્વોલિટી કંટ્રોલની કચેરીએ ફોન દ્વારા જાણ કરતાં કચેરીને ટીમ સ્થળ પર દોડી આવી જંતુનાશક દવાનો તમામ જથ્થો સિઝ કરી દીધો હતો. ત્યારબાદ વેપારી પાસેથી દવાના વેચાણ માટેના અધિકૃત દસ્તાવેજો પ્રાપ્ત ન થતાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં દરોડાની ટીમમાં નાયબ નિયામક વિસ્તરણ ગુણવત્તા નિયંત્રણ કચેરીના ડી.જે. પટેલ, એમ.વી. દેસાઈ ખેતીવાડી અધિકારી, મદદનીશ ખેતી નિયામકશ્રી, કે.જે. દેસાઈ ચારેયે દરોડાની કામગીરી સંભાળી હતી. આ કચેરી દ્વારા તા. ૯મી ઓક્ટોબરે ચિલોડા પોલીસ સ્ટેશનમાં સમગ્રપ્રકરણ મુદ્દે મંજુરીની કાર્યવાહી પૂર્ણ કરી જંતુનાશક દવા અધિનિયમ હેઠળ ખેતીવાડી અધિકારી મદદનીશ ખેતી નિયામકશ્રી મહેશભાઈ વાલજીભાઈ દેસાઈએ લાયસન્સ વિના જંતુનાશક દવાનું વેચાણ કરનાર વેપારી સામે ગુનો આચર્યા બદલ પોલીસ ફરિયાદ આપતાં પી.એસ.આઈ. એસ.બી. વાઘેલાએ વધુ તપાસના ચક્રો ગતિમામ કર્યા છે.

સર્પ દેખા દે ત્યારે હિંસક ન બનો : સ્નેક લવર્સ

સેક્ટરવાસીઓને ધીરજ રાખવા અપીલ

ગાંધીનગર, તા. ૧૦

સરીસૃપ માટે ખોરાક લેવાની સીઝન હોવાથી હાલ સેક્ટરોમાં સાપ દેખા દેતા હોવાની ઘટના વારંવાર પ્રકાશમાં આવે છે. મોટાભાગના બિનઝેરી સર્પને સર્પપ્રેમીઓ દ્વારા ગણતરીની મિનિટોમાં જ કેદ કરી લેવાની ઉમદા સેવા પુરી પાડવામાં આવે છે. આમ છતાં ભયભીત નાગરિકો સાપને મોતને ઘાટ ઉતારવાની અમાનવીય હરકત દાખવતા સર્પપ્રેમીઓમાં નારાજગી પ્રવર્તી છે. આવા સંજોગોમાં સાપ દેખા દે ત્યારે નાગરિકોને હીંસક ન બનવા અપીલ કરવામાં આવી છે.

હરિયાળા ગાંધીનગરમાં ચોમાસાની લઈ દિવાળી સુધીના સમય દરમિયાન સરિસૃપો વારંવાર જોવા મળતા હોવાનું ધ્યાને આવ્યું છે. ખોરાક ભેગો કરવાના આ સમય દરમિયાન નગરના સેક્ટરોમાં પણ વારંવાર સાપ નિકળતા હોવાના કિસ્સાઓ ધ્યાને આવે છે. જ્યારે રહેણાંક વિસ્તારમાં સાપ દેખા દેતા ભયભીત રહીશો ક્યારેક અધીરા બની હીંસક થતા હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. તાજેતરમાં જ સે. ૮ના રહેણાંક વિસ્તારમાં રહીશોએ સ્નેક કેચરની રાહ જોયા વગર નિર્દોષ સર્પને મારી નાંખ્યો હતો. શહેરના સેક્ટરોમાં સાપ દેખા દેતા હોવાના કિસ્સાઓની સામે સ્નેક લવર્સની સંખ્યા પણ વિશેષ છે. સર્વપ્રેમી ચૈતન્ય નિમાવતે પણ આ અંગે નગરજનોને અપીલ કરતા જણાવ્યું છે કે સાપ મોટાભાગે છંછેડાયેલો હોય ત્યારે જ બાઈટ કરે છે ત્યારે સાપ નીકળે તેવા સંજોગોમાં સેક્ટરવાસીઓએ હીંસક બન્યા વગર થોડી વધુ ધીરજ રાખી સ્નેક કેચર્સની રાહ જોવી જોઈએ.

ટેબલેટ ચોરીના ગુનામાં હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૦

શહેરના સેક્ટર-૨૫માં આવેલી ઉમીયા હોસ્ટેલમાંથી વિદ્યાર્થીની બેગમાંથી થયેલી ટેબલેટની ચોરી અંગે સે. ૨૧ પોલીસે ફરીયાદ દાખલ કરી તપાસ કરતાં હોસ્ટેલનાં જ એક વિદ્યાર્થીએ ટેબલેટ ચોર્યુ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે અને ટેબલેટ ચોરીના ગુના હેઠળ તેની ધરપકડ કરી પોલીસે વધુ પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગરના સેક્ટર-૨૫માં આવેલી ઉમીયા હોસ્ટેલમાં રહેતો અને પોલીટેકનીક કોલેજમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી મદનભાઈ પ્રજાપતી પોતાના વતનમાં ગયો હતો. તે તેની બેગ પોતાના રૂમમાં મુકીને ગયો હતો. વતનથી પરત આવીને બેગ ચેક કરી તો તેમાં તેનું ટેબલેટ ન હતું. કોઈ શખ્સ તેના રૂમમાં પ્રવેશીને બેગમાંથી ટેબલેટ ચોરી ગયો હતો.

આ અંગે વિદ્યાર્થીએ સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જાણભેદુ હોવાની શંકાને આધારે તપાસ કરતાં પોલીસને કડી મળી ગઈ હતી અને હોસ્ટેલમાં જ રહેતા અમીન અરવિંદભાઈ દરજી નામના વિદ્યાર્થીએ તેનું ટેબલેટ ચોર્યું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે તેની પુછપરછ કરતાં ટેબલેટ ચોર્યાની કબુલાત કરી લીધી છે. સે. ૨૧ પોલીસે ચોરીના આરોપસર વિદ્યાર્થીની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

મહિલાઓમાં મેન્ટલ સ્ટ્રેસ અને ડિપ્રેશન અંગે ડો. મૃગેશ વેષ્ણવનું વ્યાખ્યાન લાયન્સ કલબના ઉપકમે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ હૉલ ખાતે યોજાયું હતું. (તસવીર : દિપક જાની)

જય અંબે યુવક મંડળ સે-૨૪ના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ની હરસિદ્ધનગર ડબલડેકરના પ્રમુખ અજયસિંહ પરમારે જણાવ્યુંછે કે તાજેતરમાં અંબાજી મંદિર ખાતે વસાહત મંડળની બેઠક મળી હતી જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

જય અંબે યુવક મંડળ નવરાત્રી મહોત્સવના પ્રમુખ તરીકે અજયસિંહ પરમાર, ઉપપ્રમુખ તરીકે અરૂણભાઈ સોલંકી, મંત્રી તરીકે રાજુભાઈ પટેલ, ખજાનચી તરીકે દલપતસિંહ ગોહિલ, એનાઉન્સર તરીકે કલ્પેશભાઈ શાહ, કન્વીનર તરીકે પ્રેમલભાઈ શાહ, મહિલા સંગઠન મંત્રી તરીકે કૈલાશબેન લખવારા, ભાવનાબેન પાટડીયા, સલાહકાર સમિતિમાં ચંદ્રકાન્તભાઈ ભટ્ટ, બકુલભાઈ જયસ્વાલ, કરણભાઈ શર્મા, ગૌરાંગભાઈ ધોબી, કારોબારી સભ્યો તરીકે અરૂણભાઈ દરજી, બાલુભાઈ પટેલ, ચિંતનભાઈ શાહ, મહેશ દરજી, સંદિપ ગોસ્વામી, પરેશભાઈ નાયી, ડિમ્પલભાઈ શાહ, કિશન પાટડીયા, અર્જુન મોદી, ધવલ ધોબી, કેયૂરભાઈ રામી, ભૂપેન્દ્ર સોલંકી પ્રદિપ ગોહિલ, યશોધર, ધર્મેન્દ્ર ચાવડા, અનિરુદ્ધ સોલંકી, જયદિપ પંડયા, મીતુલ શર્માની વરણી કરવામાં આવી છે.

સેકટર-૨૩, એડીશનલ છ-ટાઈપના નવરાત્રી મહોત્સવના પ્રમુખની વરણી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં નવરાત્રી મહોત્સવની ઉજવણીના અનુસંધાને દરેક સેકટરમાં નવરાત્રી ઉજવણીના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી રહી છે. એક કરતાં વધારે સભ્યોની સમિતિ દ્વારા નવે નવ દિવસ માં અંબાની આરાધનાનું આયોજન થઈ રહ્યું છે ત્યારે ગાંધીનગર સેકટર-૨૩ના એડીશનલ છ ટાઈપમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવશે. જેમાં પ્રમુખ ઉપપ્રમુખ, ખજાનચી અને કાર્યકર્તા તરીકે નરેન્દ્ર મહેતાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૧૭ના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ના પ્રમુખ રજુજી બી. ગોલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, નવરાત્રી મહોત્સવ સમિતિની તાજેતરમાં બેઠક મળી હતી. બેઠકમાં સેકટરના વસાહતીઓ અને વેપારીઓ ખાસ હાજર રહ્યા હતા અને ચાલુ વર્ષના નવરાત્રી મહોત્સવના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ તરીકે રજુજી ગોલની વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ પરમાર, સમીરભાઈ પંડિત, કનુભાઈ રાવલ, મંત્રી તરીકે રમેશભાઈ વાળંદ, વિપુલભાઈ શાહ, ખજાનચી તરીકે પ્રદીપભાઈ પટેલ, સહમંત્રી તરીકે યુવરાજસિંહ ઉદાવત, સંગઠન મંત્રી તરીકે સંદીપ રાવલ, સલાહકાર સમિતિમાં ડૉ. ઠેકડી, મુકુન્દભાઈ સુખડિયા, પોખરાજભાઈ મિસ્ત્રી, જયંતિભાઈ પટેલ, કારમલભાઈ, શાંતિલાલ દેસાઈ વ્યવસ્થાપક સમિતિમાં ચિરાગ દસાડિયા અને આકાશ નાયકની નિમણૂંક કરવામાં આવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

થાનગઢ ખાતે પોલીસ ફાયરીંગમાં મૃતકો અને ઘાયલો માટે વળતર આપવા માગણી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતના પ્રમુખ બી.પી. પરમારે અને મહામંત્રી મૂળજી પરમારે એક અકબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં થાનગઢ ખાતેના લોકમેળામાં પાણી ઉડાડવાના મામલે દલિતો અને અન્ય જ્ઞાતિના લોકો વચ્ચે ઝગડો થયો હતો તે સમયે નિર્દોષ દલિતો ઉપર પોલીસે ફાયરીંગ કરવાથી થયેલા મોત બાબતે માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ અંતર્ગત તપાસ કરવા અને ત્રણેય મૃતકોની તથા ઘાયલની ઉંમર તેમના પર આધારિત કુટુંબ, પોલીસ વાયોલન્સ જોતા ૨૦ લાખ દરેકને વળતર તરીકે આપવા સરકારને વિનંતી કરી છે અને પોલીસ ફાયરીંગ કરવાથી એક યુવાન પંકજભાઈ સુમરાનું મોત થયું હતું. આ યુવાનના મૃત્યુથી શોકાતુર દલિતોએ બીનજરુરી પોલીસ ફાયરીંગ કરતા બીજા બે યુવાન દલિતો મેહુલભાઈ રાઠોડ અને પ્રકાશભાઈ પરમારનાં મૃત્યુ થયા હતા.

ચનાભાઈ વાણિયા ઘાયલ થતાં હોસ્પિટલમાં દાખલ કરેલ છે. જેની સ્થિતિ ગંભીર છે. પોલીસના અમાનુષી વર્તન સામે યોગ્ય કાર્યવાહી કરવા ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતની માંગણી છે.

ઘ-૨ સર્કલ ખાતે મહેન્દ્રકાકાની સોડા પીવાની મજા ન આવે તો પૈસા પાછા !!

"કાઉન્ટરની ચોખ્ખાઈ જોઈને ગ્રાહકો વારંવાર સોડા પીવા આવે છે

ગાંધીનગર, તા. ૧૦

આજના આધુનિક અને કોર્પોરેટ યુગમાં વિવિધ કંપનીઓ તથા નાના મોટાં વેપારીઓ પોતાનો માલ વેચવા માટે જાતજાતની સ્કીમો તથા ગતકડાં ઉભાં કરે છે, પરંતુ આપણે સૌ જાણીએ છીએ તેમ મોટા ભાગની સ્કીમો છેતરામણી જ પુરવાર થતી હોય છે.

કંપનીઓ કે વેપારીઓ દ્વારા કરાતી છેતરપીંડી તથા જાતજાતના ગાળીયાં કરીને ગ્રાહકોને ફસાવવાના આ યુગમાં એક નાનકડો પણ મજાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, ગાંધીનગરના ઘ.૨ સર્કલ પાસે સોડાનું કાઉન્ટર ધરાવતાં મુળ વિરમગામના મહેન્દ્રકુમાર આર. જયસ્વાલે પોતાની સોડા કે ઠંડા પીણાં પીધાં પછી ગ્રાહક રાજીજાને મોજ ન આવે કે સોડા ન ગમે તો કોઈપણ કારણ પુછ્યા વગર ગ્રાહકે ચૂકવેલાં બધા પૈસા કોઈપણ શરત વગર પાછાં આપવાની સ્કીમ શરુ કરી છે.

શ્રી મહાકાળી સોડા સેન્ટરના નામથી સોડાનું કાઉન્ટર રાખીને ધંધો કરતાં આ નાના પણ મજાના વેપારી, મહેન્દ્રકાકાના હુલામણા નામથી ઓળખાય છે, તેઓ ખુલ્લી ચેલેન્જ આપતાં જણાવે છે કે મારા સોડા કાઉન્ટરની સોડા, લીંબુ શરબત કે ઠંડા પીણાં પીધા પછી જો તમને સંતોષનો ઓડકાર ન આવે કે કે સોડા પીવાની મજા ન આવે તો હું કોઈપણ કારણ પુછ્યા વગર ગ્રાહકને પૈસા પાછા આપવા તૈયાર છું. આ અંગે મહેન્દ્રકાકાએ તેમની લારી પર લેખીતમાં બેનર પણ મુકયા છે. તેઓ ઉત્સાહીત થતાં જણાવે છે કે, પૈસા પાછાં આપવાનો બનાવ કયારેય બન્યો નથી અને બનશે પણ નહીં. તેઓ કહે છે કે ગરમીમાં તાજગી અને ઠંડકનો અહેસાસ કરાવતી સોડા બનાવવાની આ ફોર્મ્યુલા તેઓ રાજકોટથી શીખ્યા છે.

આ કામમાં તેમના તમામ અનુભવોનો નીચોડ હોઈ, દરેક જણને સોડા પીવાની મોજ આવી જાય છે. અગાઉ તેઓ વીરમગામ ખાતે પણ સોડાનો જ ધંધો કરતાં હતાં અને અઢી વર્ષથી ગાંધીનગર સ્થાયી થયાં છે.

મહેન્દ્રકાકાના સોડાના કાઉન્ટર પર ચોખ્ખાઈનું પણ પુરતું ધ્યાન રાખવામાં આવે છે. સાથોસાથ તેમનું વર્તન જોઈને ગ્રાહકો ખુશ થાય છે અને વારંવાર તેમની પાસે સોડા પીવા આવે છે. તેઓ દરેક પીણાં બનાવવા માટે બિસ્લેરી પાણી વાપરવા ઉપરાંત એંઠા ગ્લાસ ધોવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળો વોશીંગ પાઉડર વાપરવા સહીત પુરતી કાળજી લે છે. આ સિવાય અન્ય લોકોની જેમ છુટક અને લૂઝ મસાલાને બદલે સારી ક્વોલીટીના જલજીરાના નાના પેકીંગનો જ આગ્રહ રાખે છે. આ ઉપરાંત ગ્રાહક સોડા કે શરબત પીઈને ઓડકાર ખાય તે પહેલાં તેઓ તેમને મુખવાસ કે તલની પડીકી ફ્રીમાં આપે છે. પછી જ ગ્રાહકને પુછે છે કે, "સાહેબ, ખરેખર મજા આવી હોય તો જ પૈસા આપજો, નહીંતર નહીં !! "

તેઓ જણાવે છે કે, કેટલાક સોડાવાળાઓ પૈસા બચાવવા માટે લીંબુને બદલે લીંબુના ફુલની સીરપ તૈયાર કરીને બોટલમાં રાખતાં હોય છે, આવી સોડા કે શરબત સ્વાદમાં વધારે ખાટું બને છે, પરંતુ તે પીવાથી સાંધા પકડાઈ જાય તે સ્વાભાવિક છે. આથી લોકોએ તાજા, મોટા અને સારી ક્વોલીટીન લીંબુ રાખતાં હોય તેવા વેપારી પાસે જ સોડા પીવાનો આગ્રહ રાખવો જોઈએ. તૈયાર સીરપ ઘણીવાર ભેળસેળવાળી હોવાથી આરોગ્ય માટે નુકશાનકારક બને છે.

સામાન્ય રીતે વેપારીઓની એક સાથે એક ફ્રીની સ્કીમમાં બે ગણાં ભાવ વસુલ કરી એક સાથે બે વસ્તુ પધરાવવાની ચાલ હોય છે. આ જ રીતે દસ પંદર ટકા ડીસ્કાઉન્ટ તો ઠીક, ઘણીવાર મસમોટાં ડીસ્કાઉન્ટની લોભામણી જાહેરાતોમાં પણ આપણે ફસાઈ જઈએ છીએ. આ સિવાય સેલના ખેલમાં પણ ગ્રાહકો જ છેતરાતાં હોય છે, તે જાણીતી વાત છે. છતાં ગ્રાહકોને કાના-માત્ર વગરનો અક્ષર "મફત" તથા ડીસ્કાઉન્ટ શબ્દ બહુ જ હોવાથી સામે ચાલીને વેપારી કે કંપનીએ ગોઠવેલા "ગાળીયા"માં ગ્રાહકો હસતાં હસતાં ફસાઈ જતાં હોય છે તેવા સમયે મહેન્દ્રકાકાની સોડા પીઈને મોજ ન આવે તો પૈસા પાછા આપવાની સ્કીમ ખરેખર અનુકરણીય તથા પ્રેરણારૂપ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૬
સૂર્યાસ્ત : ૬.૧૯

તાપમાન

મહત્તમ : ૩૭.૨ ડિ.સે. લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૩૭ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦
બર્ફી : ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ઓહ ! માય ગૉડ : ૯.૩૦
: સ્ક્રીન-૩ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૯.૦૦, ૪.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૧.૩૦, ૨.૧૫
ઈંગ્લીશ વિંગ્લીશ : ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૦.૪૫, ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૩૦
ઓહ ! માય ગૉડ : ૬.૪૫

સૂર્યા, વાવોલ

ભૂત : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રૂદિયે વાલા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૦.૪૫, ૩.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
કમાલ ધમાલ માલામાલ : ૧૧.૩૦, ૬.૧૫

ચિરાગ, કલોલ

મારા રૂદિયે વાલા બાપા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા સંગત ૨૦૧૨ (યુથ ફેસ્ટીવલ)નો પ્રારંભ રેલી દ્વારા સવારે ૮.૩૦ કલાકે એલડીઆરપી કેમ્પસ, સેકટર -૧૫થી કરવામાં આવશે. તથા ઉદ્‌ઘાટન નાથીબા હોલ, સેકટર-૨૩ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે.

આપની આજ

મેષ : સંતાન પક્ષ, મનોરંજન સંબંધી કાર્ય થશે. આજે કૌટુંબિક શુભ કાર્યોનું આયોજન થઈ શકશે. આર્થિક સંસ્થાઓ પર કાર્ય થઈ શકે છે. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

વૃષભ : સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિ થઈ શકે છે. જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે કાર્યોમાં સમયનો વ્યય ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

મિથુન : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કર્ક : સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

સિંહ : કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કન્યા : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.

તુલા : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

વૃશ્ચિક : આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ધન : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

મકર : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

કુંભ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

મીન : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

ચિરવિદાય

- સ્વ. ધનીબેન કાનાજી મકવાણા (ઉ.વ. ૭૦) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કલ્પનાબેન સતીશચંદ્ર ભટ્ટ (ઉ.વ. ૫૩) પ્લોટ નં. ૭૬૩/૪, વૃંદાવન, પંચશીલ પાર્ક સોસાયટી, સેકટર-૨૧, ગાંધીનગર.